# આઈઆઈટી ગાંધીનગર દ્વારા પ્રો સુધીર જૈન સાથે લાઇવ જેઇઇ ઓપન હાઉસનું આયોજન કરાશે

ગાંધીનગર, તા. ૧

જેઈઈ એડવાન્સ્ડ પરિણામો હવે ટૂંક સમયમાં જ જાહેર થવાના છે ત્યારે અને COVID-19 સામે સાવચેતી પગલાઓને ધ્યાનમાં રાખીને, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર), ડિરેક્ટર, પ્રો સુધિર કે જૈન સાથે ૪ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ સાંજે ૫ વાગ્યે લાઈવ જેઈઈ ઓપન હાઉસ સત્ર યોજશે. આ વર્ચ્યુઅલ ઈન્ટરેક્ટિવ ઈવેન્ટનો ઉદ્દેશ જેઈઈ-એડવાન્સ્ડ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતાને આઈઆઈટીમાં વિવિધ ઈજનેરી શાખાઓ, કારકિર્દીની તકો અંગે માર્ગદર્શન આપવાનો અને તેમને આઈઆઈટી સિસ્ટમને સારી રીતે સમજવામાં મદદ કરવા માટેનો છે.

જીવંત સત્ર દરમિયાન, આઈઆઈટીમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા પ્રો સુધિર કે જૈન અને આઈઆઈટી ગાંધીનગરના શૈક્ષણિક બાબતો અને વિદ્યાર્થી બાબતોના ડીન સાથે લાઈવ વાર્તાલાપ કરી શકશે. ભાગ લેનારાઓને આઈઆઈટી અને ખાસ કરીને આઈઆઈટી ગાંધીનગરમાં અંડરગ્રેજ્યુએટ શિક્ષણ સંબંધિત તેમના સવાલો અને શંકાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. તેઓને આઈઆઈટી ગાંધીનગરના શૈક્ષણિક ઈનોવેશન્સ વિશે; ડ્યુઅલ મેજર, માઈનોર, ડ્યુઅલ ડિગ્રી, શાખા બદલવા માટેની ઉદાર નીતિ સહિતના સંસ્થાના અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમ વિશે; આઈઆઈટી ગાંધીનગર ખાતે અંડરગ્રેજ્યુએટ સંશોધનની તકો; સંસ્થા દ્વારા અપાતી કારકિર્દી વિકાસની સેવાઓ; અને અન્ય ઘણી વિદ્યાર્થી-કેન્દ્રિત પહેલો વિશે વધુ સમજ આપવામાં આવશે. આઈઆઈટી ગાંધીનગર દ્વારા વૈશ્વિક COVID-19 રોગચાળા સામેના પગલાં સંકટને પહોંચી વળવા અને તેના સમગ્ર સમુદાયની સલામતી અને સુખાકારીની ખાતરી માટે આ ઓનલાઇન સત્રમાં વધુ માહિતી શેર કરાશે, જે વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતા માટે મુખ્ય ચિંતાનો વિષય છે.

આઈઆઈટીમાં પ્રવેશ ઈચ્છુક તમામ ઉમેદવારોને સંદેશ આપતા આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો સુધિર કે જૈને કહ્યું, “જ્યારે તમે તમારા જીવનનો એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાનો હો ત્યારે ઘણા પ્રશ્નો અને શંકાઓ થવી સ્વાભાવિક છે. તે મહત્વનું છે કે તમે વધારામાં વધારે શક્ય તથ્યો એકત્રિત કરો, વિશ્વસનીય વ્યક્તિઓનો અભિપ્રાય મેળવો, પરંતુ તમારી કારકિર્દીના માર્ગ અંગે પોતે નિર્ણય લો.

આ સત્રમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતા આઈઆઈટી ગાંધીનગરના ઓપન હાઉસ વેબપેજ દ્વારા પોતાની નોંધણી કરાવી શકે છે: https://www.iitgn.ac.in/openhouse/

# બીબીએ કૉલેજ દ્વારા ‘કમ્યુનિકેશન સ્કિલ - બિઝનેસ બોડી લેન્ગ્વેજ’ વિષય પર ઓનલાઈન વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૧

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે દ્વિતીય વર્ષ ના ૧૫૦ વિદ્યાર્થીઓ માટે વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓ ને આવકારવામા આવ્યા હતા તેમજ વર્કશોપમાં શીખવવામાં આવતી બાબત પર પૂરતું ધ્યાન આપી ઉપરોક્ત બાબતને પોતાની પ્રોફેશનલ લાઈફમાં સફળ બનાવવા માટે અમલ કરવા જણાવ્યુ હતું. મુખ્ય વક્તા ધારા ઉનડકટ દ્વારા વિદ્યાર્થીઓને સફળ આંત્રપેન્યોર બનવા માટે બોડી લેન્ગ્વેજ તેમજ વ્યક્તિ ની ડ્રેસિંગ પદ્ધતિ કેવી રીતે ઉપયોગી થાય છે તે બાબત નું તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે વ્યક્તિ નું વર્તન ક્યાં સમયે કેવું હોવું જોઈએ તે જુદા જુદા પ્રસંગો મુજબ નું વર્તન, ડ્રેસિંગ સેન્સ બાકી ના વ્યક્તિત્વ ને સ્પર્શતા મુદ્દાઓ પર વિશેષ ધ્યાન આપ્યું હતું. સફળ કારકિર્દી ના ઘડતર માટે વિદ્યાર્થીઓ ને ઈફેક્ટીવ કમ્યુનીકેશન સ્કીલ ડેવલોપ કરવા માટે ઉત્તમ માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું તથા વિવિધ ઉદાહરણો દ્વારા સરળ તેમજ સફળ કમ્યુનીકેશન માટેની ટીપ્સ આપી હતી. કમ્યુનિકેશનના વિવિધ પ્રકાર અને તેમાં અસરકારકતા થી વ્યાવસાયિક જીવન માં આવતા હકારાત્મક પરીવર્તન તથા કમ્યુનિકેશન ની અંદર થતી ભૂલો ના દુષ્પરિણામો વિષે પણ તેમણે વિદ્યાર્થીઓ ને સહજતા થી સમજાવ્યું હતું. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ બાબતે તેમજ વિવિધ પરીક્ષાઓ માં પૂછવા માં આવતા અભ્યાસક્રમ બાબતે ઉપયોગી છણાવટ કરી હતી. સમગ્ર કાર્યક્રમ ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ડો આશિષ ભુવા,ધર્મેન્દ્ર રાઠોડ,ડો.નીરવ જોશી,પ્રો.જાનકી દવે,પ્રો.નુપુર શ્રીવાસ્તવ તેમજ કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.




## સત્ય, શાંતિને પગથારે...

સ્વર્ગે સિધાવ્યા મહાત્માને, બીજા જવાહરલાલે...
આઝાદી અપાવી અમર બન્યા ભારતના લાલ
જગત ન વિસરે ને યુવાનો સ્મરે આજકાલ
સત્તાની સાઠમારીમાં નેતાઓને ‘મા’ ને ન વ્હાલ.
મૂકી ગયા મૂડી ધણી ન આપે કોઈ ધ્યાન
જનતા વિસારી સ્વાર્થ સારથિઓને ન ભાન
સત્ય, અહિંસા ને હાથમાં રાખી બાપુએ દીધોજાન
વિનોબા વારસદાર બાપુના, માગે છે ભૂદાન
આજ ઘરી કરી બેઠો મા ભોમમાં કોમવાદ
નવસર્જનનો રાહ પ્રગટાવી સૌ લાવો સમાજવાદ
આજ બાપુ તણી એકતા નેતાઓને ન યાદ
ભય અને ભૂકંપથી દેશ કરતો નાદ...
બાપુ તણી શિખામણ ‘હું’ ન નીકળે આજ...
નેતાઓ પરસ્પર ગિરાવવા રચે ચાલબાજ
અહિંસાને વિસારી વિશ્વમાં અણુબોમ્બ આજ
સત્ય, અહિંસા, શાંતિનો પ્રગટાવો દિપ આજ...
હિંમતનો શૌર્યનો સંદેશ, સરદારને સુભાષ
ભૂલી સૌ કોઈ ગયા આજે બાપુનો સંદેશ
યાદ કરે સૌ આજ ‘શાંતિદૂત’ દેશ વિદેશ
ગત ભૂલી નવો રાહ પ્રગટાવી બચાવો દેશ...

- જશવંત ગાંધી

# શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન સોલર એનર્જી પ્રોજેક્ટનું આયોજન




ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી મૃદુલાબેન ભરતભાઈ પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ-૮ની વિદ્યાર્થિની બહેનોએ સોલર એનર્જીથી વપરાતા સાધનોથી માહિતગાર થાય તે હેતુસર સોલર એનર્જી પ્રોજેકટની પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિની બહેનોએ તે અંગેના સુંદર ફોટો મોકલી સહભાગી બની હતી. સમગ્ર પ્રવૃતિનું સંચાલન પુષ્પાબેન પટેલે કર્યું હતું. શાળાના સુપરવાઈઝર સંગીતાબેન પટેલે માર્ગદર્શન પુરું પાડયું હતું. આ ઓનલાઈન પ્રવૃત્તિ માટે શાળાના આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થિની બહેનોને અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

# શારીરિક શિક્ષણની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા શાકાહારી ભોજનની મહત્તા વિષય પર વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧

ગૂજરાત વિધાપીઠ અમદાવાદની સ્થાપનાના ૧૦૦ વર્ષ, રાષ્ટ્રીય સેવા યોજનાના સ્થાપનાના ૫૦ વર્ષ અને ગાંધીજીના જન્મ જયંતીના ૧૫૦ વર્ષને ધ્યાનમાં રાખી શારીરિક શિક્ષણની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા કોરોના મહામારીમાં શાકાહારી ભોજનની મહત્તા વિષય પર વેબિનાર યોજાયો હતો.




વિશ્વની ખુબજ લોકપ્રિય એવી પ્રાણી અધિકારની સંસ્થા વીગન આઉટ રીચના સહયોગથી આ સરસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ સંસ્થાએ વિશ્વમાં પ્રાણીઓને કેવી રીતે સરક્ષણ મળે અને તે સારી રીતે જીવી શકે અને પર્યાવરણની દ્રષ્ટિએ પણ આ કેટલું જરુરી છે તે વિષય લોકોને વિશેષ યુવા વિદ્યાર્થીઓને જાગરુક કરવાનું કાર્ય કરે છે.

આજે આ કોરોના મહામારીમાં પણ આપણે શાકાહારી ભોજન દ્વારા કેવી રીતે પોતાની ઈમ્યુનિટી વધારી શકીએ અને તેની સામે લડી શકીએ તે વિષય પર પણ ચર્ચા કરવામાં આવી હતી વક્તા તરીકે આ સંસ્થાના બી. આઈ. ટી . એસ. પીલાની જેવી પ્રસિદ્ધ ઈન્સ્ટીટયુટમાંથી શિક્ષણ પ્રાપ્ત કરેલાજયદીપ સિંહ ઝાલાએ ખુબજ સારી રીતે શાકાહારી ભોજન વિષય માહિતી આપી હતી કાર્યક્રમની શરૂઆતમાં શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, સાદરાના ડીન પ્રો. પ્રભુલાલ કસુન્દ્રાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું અને આ વિષયની પૂર્વ ભૂમિકા બાંધી હતી.

આ કાર્યક્રમમાં કુલ ૧૯૨ વિદ્યાર્થીઓએ પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને નબળી નેટવર્ક કનેક્ટિવિટીના કારણે ૧૧૨ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં જોડાયા હતા. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટે કર્યું હતું. આ કાર્યક્રમના અંતે આભાર દર્શન સંસ્થાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડો. અરુણભાઈ ગાંધીએ કર્યું હતું

# મહાત્મા ગાંધીના જીવનના યાદગાર અંશો



● મહાત્મા ગાંધી તેમના બાળપણમાં અત્યંત શરમાળ હતા. ૧૦ વર્ષની ઉંમર પછી તેમણે ઘણી શાળાઓ બદલી. તેની પરીક્ષા પરિણામ ૪૦-૫૦% વચ્ચે હતું. એટલું જ નહીં, તેઓ શાળામાંથી ભાગી જતા હતા જેથી તેઓને કોઈની સાથે વાત ન કરવી પડે.

● મહાત્મા ગાંધીનો શ્રેષ્ઠ મિત્ર ઉચ્ચ શાળામાં મુસ્લિમ હતા. તેમજ તેમના વડા માસ્ટર પારસી હતા. તેની શાળાનું નિર્માણ એક નવાબ દ્વારા કરવામાં આવ્યું હતું. આ રીતે ગાંધીજીનું બાળપણ ઘણા ધર્મો વચ્ચે પસાર થયું અને તેનો પ્રભાવ તેમના જીવન પર રહ્યો.

● મહાત્મા ગાંધીએ દાંડી યાત્રા પહેલા પણ પદયાત્રા કરી હતી. ઈંગ્લેંડમાં કાયદાના અધ્યયન દરમિયાન, તેને દરરોજ ૮ થી ૧૦ કિલોમીટર ચાલવું પડતું હતું. એવું કહેવામાં આવે છે કે આ કારણે ગાંધીજીને પદયાત્રા કરવામાં મુશ્કેલી ક્યારેય ન થઈ.

● ૧૯૩૧માં ઈંગ્લેન્ડની સફર દરમિયાન, મહાત્મા ગાંધીએ રેડિયો પર અમેરિકામાં પ્રથમ વખત ભાષણ આપ્યું હતું. તેમણે રેડિયો પર પહેલો શબ્દ આપ્યો કે ‘મારે તેનામાં (માઈક્રોફોનમાં) બોલવું પડશે? (મારે આ વસ્તુમાં બોલવું પડશે?)

● એવું કહેવામાં આવે છે કે એકવાર તેમનું જૂતું ચાલતી ટ્રેનથી નીચે પડી ગયું. તેમણે તરત જ ટ્રેન નીચે તેના બીજું જૂતું ફેંકી દીધું. ત્યાં હાજર લોકોના પૂછવા પર તેઓએ કહ્યું કે “એક જૂતું મારાય કશા કામનું નહોતું કે નહોતું બીજા કોઈના કામનું. હવે ઓછામાં ઓછું એક વ્યક્તિ તો બંને જૂતાં પહેરી તો શકશે.ધ્ર

● મહાત્મા ગાંધી સમયના પાબંદ હતા. તેઓ હંમેશા તેની સાથે એક ઘડિયાળ રાખતા હતા. તેમની હત્યાના થોડા સમય પહેલાં, તે આ હકીકત વિશે ખૂબ જ પરેશાન હતા કે તે પ્રાર્થનાસભામાં ૧૦ મિનિટ મોડીથી પહોંચ્યા હતા.

● મોહનદાસ કરમચંદ ગાંધીને રાષ્ટ્રના પિતાની ઓળખ સુભાષ ચંદ્ર બોઝ આપી હતી.

● મહાત્મા ગાંધીએ તેમની આત્મકથા ગુજરાતી ભાષામાં લખી.

● ગાંધીજીએ દક્ષિણ આફ્રિકા પ્રવાસ દરમિયાન ૧૮૯૯ના એંગ્લો બોએર યુદ્ધમાં સ્વાસ્થ્ય કર્મચારીના રૂપમાં મદદ કરી હતી. બીજી બાજુ તેમણે યુદ્ધની વિભિષિકા જોઈ હતી અને અહિંસાના રસ્તા પર ચાલી પડ્યા હતા.

● ગાંધીજીનું સિવિલ રાઈટ્સ આંદોલન કુલ ૪ મહાદ્વીપો અને ૧૨ દેશો સુધી પહોચ્યું હતું.

● દુનિયામાં મહાત્મા ગાંધીના આદરને એ વાતથી સમજી શકાય છે કે જે દેશ વિરુદ્ધ ભારતને આઝાદી અપાવવા માટે તેમણે લડાઈ લડી, તેમણે જ તેમના સન્માનમાં ટપાલ ટિકિટ રજુ કરી. જી હા બ્રિટને તેમના નિધનના ૨૧ વર્ષ પછી તેમના નામની ટપાલ ટિકિટ રજુ કરી.

● ભારતમાં નાના રસ્તાઓને છોડી દો તો કુલ ૫૩ મોટા રસ્તા મહાત્મા ગાંધીના નામ પર છે. જ્યારે કે વિદેશમાં કુલ ૪૮ રસ્તા તેમના નામ પર છે.

● ગાંધીએ સાઉથ આફ્રિકાના ડર્બન, પ્રિટોરિયા અને જોહાંસબર્ગમાં કુલ ત્રણ ફુટબોલ ક્લબ સ્થાપિત કરવામાં મદદ કરી હતી.

● મહાત્મા ગાંધીની અંતિમયાત્રા ૮ કિલોમીટર લાંબી હતી.

● ૧૩ વર્ષની વયમાં ગાંધીજીના લગ્ન તેમનાથી એક વર્ષ મોટા કસ્તૂરબા ગાંધી સાથે થયા. લગ્ન સાથે સંબંધિત પ્રથાઓને પૂર્ણ કરવામાં એક વર્ષ લાગી ગયું અને આ કારણે જ તેઓ એક વર્ષ સુધી શાળામાં ન જઈ શક્યા.

● શાંતિ નોબલ પુરસ્કાર ગાંધીજીને અત્યાર સુધી મળ્યો નથી જ્યારે કે તેઓ એ માટે ૫ વાર નોમિનેટ થઈ ચુક્યા છે. એવું કહેવાય છે કે ગાંધીજીને ૧૯૪૮માં નોબેલ પુરસ્કાર આપવા માટે ચૂંટવામાં આવ્યા હતા, પરંતુ અગાઉ તેમની હત્યા કરવામાં આવી હતી. નોબેલ કમિટી ‘જીવિત’ વ્યક્તિને જ આ પુરસ્કાર આપતી હોવાથી તે ગાંધીજીને મળી શક્યો ન હતો.

## જન્મદિને વધામણી



ડો. ભાવિન ભટ્ટ
સ્કીન સ્પેશ્યાલીસ્ટ-સે.૧૬



અંજનાબેન
મહેશકુમાર રાવલ
મો. ૯૪૨૬૬ ૩૩૦૬૭



સૌમ્ય
ચિરાગભાઈ રાઠોડ
મો. ૯૯૨૪૧ ૮૬૩૬૧



સુજાન ભરતભાઈ પરમાર
મો. ૯૯૨૪૧ ૮૬૩૬૧



વિવાન જીગર પટેલ
મો. ૯૯૨૪૧ ૧૩૪૫૭



રવિ શૈલેષભાઈ પટેલ



યુવરાજ પરમાર
મો. ૮૭૮૦૪ ૦૪૧૪૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



માસ્ક પહેરો...
કોરોનાથી બચો...